


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-11 ■ તા. 11-03-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### નવા મુખ્યમંત્રી બિપ્લબ દેબ કુમારની થશે પરીક્ષા

# ત્રિપુરામાં ડાબેરીઓનો ગઢ તોડનાર ભાજપ સરકાર સામે અનેક પડકારો

## બેરોજગારી, ઉદ્યોગોનો અભાવ, સ્વાસ્થ્ય સેવાનો અભાવ, બાંગ્લાદેશી ઘુસણખોરી અને અલગ રાજ્યની માંગ જેવા પડકાર ઉકેલવા પડશે

નવી દિલ્હી,

ત્રિપુરામાં ડાબેરીઓના દાયકાઓ જુના કિલ્લાને ધ્વસ્ત કરી રાજ્યમાં પ્રથમ વખત ભાજપની સરકાર બની છે. રાજ્યના પ્રદેશ ભાજપ પ્રમુખ બિપ્લવ દબે હવે રાજ્યના નવા મુખ્યમંત્રી છે તેમજ જિષ્ણુદેવ વર્મા નાયબ મુખ્યમંત્રી બન્યા છે. ૨૫ વર્ષથી ચાલતી ડાબેરી સરકારને ચુંટણીમાં ભાજપે પરાજય આપ્યો છે પરંતુ ત્રિપુરામાં નવી રચાયેલ ભાજપ સરકાર સમક્ષ અનેક પડકાર ઉભા છે જે પડકારને પાર પાડી લોકોના વિશ્વાસ પર ખરા ઉતરવાનો બિપ્લવ દેબ સમક્ષ પડકાર રહેશે. ત્રિપુરા સાક્ષરતા મામલે ભારતનુ નંબર-૧ રાજ્ય છે. પરંતુ તેમ છતાં અહીં બેરોજગારીની સમસ્યા સૌથી વિકટ છે. અત્યાર સુધીની તમામ સરકારો બેરોજગારીની સમસ્યાને ઉકેલવામાં નિષ્ફળ રહી છે. ભાજપે પોતાના ચુંટણી ઢંઢેરામાં રાજ્યના દરેક યુવકને રોજગારી આપવાનુ વચન આપ્યુ હતું. ત્યારે બિપ્લવ દેબ માટે પાર્ટીનુ આ વચન પુરુ કરવુ સૌથી મોટી કસોટી સાબિત થશે. આ ઉપરાંત પ્રાકૃતિક સંશાધનથી ભરપુર હોવા છતા ત્રિપુરામાં ઉદ્યોગો અને કારખાનાનો અભાવ છે. ભાજપની ઈમેજ હંમેશા એક ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી પાર્ટી તરીકે રહી છે. તેમજ ભાજપે ચુંટણી પ્રચાર દરમિયાન ત્રિપુરામાં વિશેષ આર્થિક વિસ્તાર (સેજ) સ્થાપિત કરવાની જાહેરાત પણ કરી હતી. ત્યારે ભાજપ સરકાર સામે જમીન સંપાદન, નવા ઉદ્યોગોની સ્થાપના કરવી એ સૌથી મોટો પડકાર બની રહેશે. બેરોજગારી, ઉદ્યોગ ઉપરાંત ત્રિપુરામાં સ્વાસ્થ્ય સેવાને લઈને પણ અનેક સમસ્યા છે. ભારતના આ સૌથી એજ્યુકેટેડ રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. ભાજપે પોતાના ચુંટણી ઢંઢેરામાં રાજ્યમાં એમ્સની તર્જ પર હોસ્પિટલ ઉપરાંત મલ્ટિ સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ખોલવાની તેમજ રાજ્યમાં સ્વાસ્થ્ય સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસનુ વચન આપ્યુ હતું.જે વચન પુરુ કરવુ ભાજપ સરકાર માટે પડકારજનક રહેશે. ત્રિપુરા એ બાંગ્લાદેશની સરહદે અડીને આવેલ રાજ્ય છે. જેથી સરહદ પર ઘુસણખોરી અને તસ્કરી પણ મોટી સમસ્યા છે. છેલ્લા કેટલાક સમયમાં બાંગ્લાદેશ તરફથી થતી ઘુસણખોરીનુ પ્રમાણ અસાધારણ રીતે વધ્યુ છે. જે અંગે સેના પ્રમુખ બિપીન રાવત પણ પોતાની ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. ઘુસણખોરી વધવાના કારણે હિંસક ઘટના પણ વધી છે. ત્યારે રાજ્યની નવી સરકારે ઘુસણખોરી રોકવા માટે સુરક્ષા એજન્સીઓ સાથે મળીને આકરા પગલા લેવા પડશે. તેમજ લોકોને વિશ્વાસ અપાવવો પડશે કે ભાજપ સરકાર તેમને ઘુસણખોરીની સમસ્યામાંથી બચાવી શકે તેમ છે. આ ઉપરાંત રાજ્યમાં અલગ અલગ આદિવાસી સંગઠનો તરફથી અલગ રાજ્યની માંગ વર્ષોથી ઉઠી રહી છે. છેલ્લા કેટલાક સમયથી આ માંગ વધુ પ્રબળ બની રહી છે. જેને લઈને હિંસક અથડામણ પણ સામે આવી રહી છે. ત્રિપુરા ઉપરાંત પૂર્વોત્તરના અનેક ભાગોમાં આદિવાસી સંગઠનો અલગ રાજ્યની માંગ કરી રહ્યા છે. આ માંગને કઈ રીતે દબાવવી તે બાબત બિપ્લબ દેબની સરકાર માટે મોટો પડકાર બનશે. પૂર્વોત્તર અત્યાર સુધી પરંપરાગત રીતે ભારતના અન્ય ભાગોથી અલગ પડતુ આવ્યુ છે. દેશના અન્ય ભાગોના લોકો પૂર્વોત્તરના લોકોને ધિક્કારતા આવ્યા છે. આવી સ્થિતિમાં લોકોને હવે નવી સરકાર પાસે અનેક આશા છે.



રાજ્યભરમાં સોમવારથી શરુ થઈ રહેલી ગુજરાત બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે આ દ્રશ્ય ખરેખર પ્રેરણાદાયક છે. અમદાવાદના ખાડિયા સ્થિત એક કોચિંગ કલાસમાં શનિવારે બોર્ડની પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓને સમૂહમાં મુક્ત હાસ્ય કરાવાયું ત્યારે ટેંશન-મુક્ત થઈ ગયેલા આ વિદ્યાર્થીઓના ખીલી ઉઠેલા ચહેરા પર પ્રબળ મનોબળ અને આત્મવિશ્વાસની પ્રતીતિ થઈ રહી છે.

### શિક્ષણ પાછળ કરોડોની ખર્ચ કરતી રૂપાણી સરકારની પોલ ખુલી....

# ડિજિટલની વાતો : કપરાડાની બુરવડ ગામની શાળામાં ૧ ૨ વર્ષથી ઓરડા નથી

વલસાડ,તા.૧૦

સમૃદ્ધ ગુજરાતમાં હજુ પણ એવા દ્રશ્યો જોવા મળે છે જે વિરોધાભાસી છે. સર્વશિક્ષા પ્રશિક્ષણ ડિજિટલ કરવાના બણગાં ફૂંકાઈ રહ્યાં છે ત્યાં બીજીતરફ કપરાડાના બુરવડ ગામની પ્રાથમિક શાળાના ૪૧૧ વિદ્યાર્થીઓને ૨૦૦૬થી કાચાં મકાન અને પતરાંના શેડ નીચે અને ચર્ચના ઓટલે બેસી અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. કપરાડા તાલુકાના બુરવડ ગામે આવેલી પ્રાથમિક શાળામાં ૪૧૧ બાળકો સામે માત્ર ત્રણ જ ઓરડા હોવાને કારણે વર્ષ ૨૦૦૬ એટલે કે ૧૨ વર્ષથી ત્રણ જેટલા વર્ગના વિદ્યાર્થીઓને કાચાં ઘર, પતરાંના શેડ, ચર્ચના ઓટલા ઉપર બેસીને અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે.એટલું જ નહીં, કાચાં મકાનમાં વિદ્યાર્થીઓને બેસાડીને આભ્યાસ કરવા માટે મકાનનું ભાડું પણ ખુદ શિક્ષકો આપી રહ્યાં છે.

કપરાડા તાલુકામાં આવેલા ૧૪૦થી વધુ ગામોમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે અનેક પ્રયાસો જિલ્લા પ્રાથમિક શિક્ષણ દ્વારા કરવામાં આવે છે પરંતુ બાળકોને શિક્ષણ માટે મળવાપાત્ર જરૂરી સુવિધાઓ જે તે સ્કૂલોમાં છે કે નહીં તે જોવા માટે કોઈ સ્થળ પર જતું જ નથી. શિક્ષકો જ નહીં ગ્રામીણકક્ષાના બાળકો કઈ પરિસ્થિતિમાં અભ્યાસ કરી રહ્યાં છે તે જાણવા તંત્રને ફુરસદ નથી.

બુરવડ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી લઈ ને ધોરણ ૮ સુધીના કુલ ૪૧૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમાં ધોરણ ૩ ધોરણ ૨ અને ધોરણ ૫ આમ ત્રણ વર્ગના વિદ્યાર્થી માટે ઓરડાની સુવિધા ન હોવાથી હાલમાં ધોરણ ૫ ગામના જ એક અગ્રણીના ખાનગી કાચા મકાનમાં બેસડવામાં આવી રહ્યાં છે અને આ મકાનનું માસિક ભાડું ૬૦૦૦ રૂપિયા ખુદ શિક્ષકો ચૂકવી રહ્યાં છે. તો ધોરણ ૩ના કુલ ૪૭ વિદ્યાર્થીઓને સ્કૂલને અડીને આવેલ ચર્ચના ઓટલા ઉપર બેસાડવામાં આવી રહ્યાં છે તો ધોરણ ૨ના ૪૧ જેટલાં ભૂલકાંઓને સ્કૂલના જ ઓરડા નજીકમાં પતરાનો ખુલ્લો શેડ પાડીને તેમાં અભ્યાસ ક્રમ ચલાવવામાં આવી રહ્યો છે સ્કૂલમાં ન તો કોઈ ટોયલેટની વ્યવસ્થા છે કે ન તો કોઈ પ્રાથમિક સુવિધા છતાં બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષકો દ્વારા ઓરડા ન હોવા છતાં શિક્ષણકાર્ય ચાલુ રાખ્યું છે.એવું નથી કે સરકારમાં અરજીઓ નથી કરવામાં આવી. આચાર્ય બીસ્તુભાઈના જણાવ્યાં પ્રમાણે ૧૪ ઓરડા બનાવવા માટે વારંવાર અરજીઓ કરવામાં આવી છે પરંતુ સરકારી તંત્રએ કોઈ કામગીરી કરી નથી. થોડા દિવસ પૂર્વે વલસાડ જિલ્લા કલેકટરે શાળામાં જોવા આવ્યાં હતાં અને તેમણે પણ થઈ જશે જેવા વચનો આપ્યાં પણ આજ દિન સુધી કોઈ જોવા સુદ્ધાં નથી આવ્યું. તો કપરાડાના આદિવાસી શિક્ષણની વાતો કરતાં રાજનેતાઓને પણ શાળાની કફોડી હાલત નજરે નથી ચડતી તેનું આશ્ચર્ય થાય તેમ છે.

ઉનાળા શિયાળામાં તો બાળકો આ સ્થિતિમાં અભ્યાસ કરી પણ લે છે પરંતુ ચોમાસામાં બુરવડ સ્કૂલના બાળકોની હાલત અત્યંત દયનીય બને છે કારણ કે પતરાના શેડમાંથી ચોમેરથી આવતું વરસાદી પાણી અને નીચે લીંપણમાં બેસવું પડે છે. ગ્રામીણ બાળકોને શિક્ષણ માટે સારી સુવિધા માટે તત્પર સમાજસેવી સંસ્થાઓનું પણ અહીંની સમસ્યા તરફ ધ્યાન નથી ગયું.

# દેવા માફીને લઈ ખેડૂતોનું પ્રદર્શન : ૩૫ હજાર ખેડૂતો કાલે વિધાનસભાનો ઘેરાવ કરશે

મુંબઈ,તા.૧૦

સંપૂર્ણ દેવાંમાફી અને અન્ય માંગોને લઈને મહારાષ્ટ્રના ૩૫ હજાર ખેડૂતો વિધાનસભા આગળ ઘેરો નાખવા જઈ રહ્યા છે. પગપાળા રેલી કાઢી રહેલા આ લોકો ૧૨ માર્ચના રોજ મુંબઈ પહોંચશે. પોતાની યાત્રાના ચોથા દિવસે આ કાફલો શનિવારે ઠાણેના શાહપુરમાં પહોંચી ગયો છે, જ્યાં ઘણા ખેડૂતોની તબિયત ખરાબ થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ રેલી ઓલ ઈન્ડિયા કિસાન સભા (એઆઈકેએસ)ના આહ્વાન પર કાઢવામાં આવી છે. ખેડૂતોની આ રેલી બુધવારે નાસિકથી શરૂ થઈ. રાતે વાસિંદમાં રોકાઈ અને શનિવારે આ લોકો ઠાણે પહોંચ્યા. આ લોકો દરરોજ ૩૦ કિલોમીટર ચાલી રહ્યા છે. આ રીતે તેમને નાસિકથી મુંબઈ (૧૮૦ કિમી) સુધીનું અંતર કાપવામાં ૬ દિવસનો સમય લાગશે. તેઓ ૧૨ માર્ચના રોજ મુંબઈ પહોંચશે. ખેડૂતોના નેતા અને એઆઈકેએસ સચિવ રાજુ દેસલેના જણાવ્યા પ્રમાણે, ખેડૂતોએ સંપૂર્ણ દેવાંમાફી અને વીજળી બિલ માફી ઉપરાંત સ્વામીનાથન આયોગની ભલામણો લાગુ કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું, ×બીજેપી સરકારે ખેડૂતોને કરેલા વચનો પૂરાં ન કરીને તેમની સાથે દગો કર્યો છે. અમે એમપણ ઈચ્છીએ છીએ કે સરકાર વિકાસ, હાઈવે અને બુલેટ ટ્રેનના નામ પર જબરદસ્તી ખેડૂતોની જમીનો છીનવવાનું બંધ કરે.ગયા વર્ષે રાજ્યની બીજેપી સરકારે શરતો સાથે ખેડૂતોના ૩૪ હજાર કરોડ રૂરિયના દેવાં માફ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ જૂનથી અત્યાર સુધી ૧૭૫૩ ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી છે. રાજ્યમાં ખેતીની સ્થિત ખરાબ થઈ રહી છે. ખેડૂતોમાં નારાજગી વધી રહી છે. તેને જોતા ફડણવીસ સરકારે આ વખતના બજેટમાં ખેડૂતો માટે ૭૫,૯૦૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

# જજ લોયા કેસમાં મુખ્યમંત્રી ફડણવીસના ભાઈ ફસાયા, નોંધાઈ એફઆઈઆર

મુંબઈ,તા.૧૦

સીબીઆઈ જજ બ્રિજગોપાલ હરકિશન લોયાની કથિત હત્યાનો કેસ હવે વધારે પેચીદો બની રહ્યો છે. આ કેસ સંદર્ભે જોડાયેલા નવા સમાચાર સત્તાધારી પક્ષ ભાજપ પર નવા સવાલ ઉભા કરી રહીં છે. જજ લોયા કેસમાં વકીલ સતીશ ઉકેના દોસ્ત અને મદદનીશ એડવોકેટ અભિયાન બરાહાતે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ભાઈ સંજય ફડણવીસ સામે ફૈંઈ નોંધાવી છે. સંજય ફડણવીસ પર અભિયાનને ફોન કરી ધમકાવવાનો આરોપ છે. અભિયાને સંજય પર આરોપ લગાવ્યો છે કે તેમને ફોન કરી ખરાબ પરિણામ ભોગવવાની ધમકી આપી છે. જોકે, ફોનકોલ સાથે જોડાયેલી માહિતી પોલીસને આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં મહારાષ્ટ્રની ભાજપ સરકાર પર પક્ષપાતનો આરોપ લાગ્યો છે. ઉપરાંત જજ લોયાનું નિધન પણ મહારાષ્ટ્રમાં થયું હતું. તેમના મોત સાથે જોડાયેલા રિપોર્ટ પણ સરકારે સુપ્રીમ કોર્ટમાં જમા કરાવ્યા હતાં જેમાં પણ ઘણેઅંશે વિસંગતતા જોવા મળી છે. આ સિવાય આ કેસની સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટ પણ કહી ચૂક્યુ છે કે નાગપુરમાં જજ લોયાના નિધન બાદ પોલીસે યોગ્ય તપાસ કરી નથી. તપાસ પ્રક્રિયામાં ક્રિમિનલ કોડ કલમ ૧૭૪નું ઉલ્લંઘન કર્યુ હતુ. મહત્વનું છે કે, જજ લોયા સોહરાબુદ્દીન એક્રાઉન્ટર કેસની દેખરેખ કરી રહ્યા હતાં. આ કેસમાં મુખ્ય આરોપી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હતાં. સુપ્રીમ કોર્ટે આ કેસની કાર્યવાહી ગુજરાતની બહાર કરવાના નિર્દેશ આપ્યા હતાં. બાદમાં સમગ્ર મામલો સીબીઆઈ કોર્ટમાં ગયો હતો.

### યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં ભારતે પાકિસ્તાનની પોલ ખોલી

# પાકિસ્તાન અસફળ દેશ છે, જે આતંકવાદીઓને સમર્થન કરે છે : ભારત

## ભારત પાકિસ્તાન તરફથી પઠાણકોટ અને ઉરી આતંકવાદી હુમલાની કાર્યવાહી માટે રાહ જોઈ રહ્યુ છે

જિનીવા,

ભારતે એકવાર ફરી યુનાઈટેડ નેશન્સમાં પાકિસ્તાનની પોલ ખોલી છે. ભારતે સ્વિટઝર્લેન્ડના જીનિવામાં યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં પાકિસ્તાનને એક અસફળ દેશ જણાવતા આને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે દોષી ઠેરવ્યુ છે. આની સાથે જ ભારતે કહ્યું કે પાકિસ્તાન ખુલ્લેઆમ હાફિઝ સઈદ જેવા આતંકવાદીઓને સમર્થન કરી રહ્યુ છે. જેને યુએને પણ આતંકવાદી જાહેર કર્યા છે. જીનિવામાં રજૂ UNHRC યુએનએચઆરસીના ૩૭માં સેશનમાં ભારતના સ્થાયી મિશનમાં સેકન્ડ સેક્રેટરી મિની દેવી કુમામે પાકિસ્તાનને એક અસફળ દેશ જાહેર કર્યો છે. કુમામે કહ્યું કે પાકિસ્તાન યુએનએચઆરસીના રેઝોલ્યૂશન ૧૨૬૭નું ઉલ્લંઘન કરી રહ્યું છે કેમ કે આની પર યુએન તરફથી આતંકવાદી જાહેર હાફિઝ સઈદ ખુલેઆમ ફરી રહ્યો છે. તે પાકિસ્તાનની સીમાઓમાં રહીને અને પાક.ના સમર્થનથી પોતાના ષડયંત્રોને અંજામ આપવામાં લાગી ગયા છે. કુમામે કહ્યું કે ભારત અત્યાર સુધી પાકિસ્તાનની સરકાર તરફથી મુંબઈમાં વર્ષ ૨૦૦૮, ૨૦૧૬માં પઠાણકોટ અને સપ્ટેમ્બરમાં થયેલ ઉરી આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહીની રાહ જોઈ રહ્યા છે. યુએન તરફથી તેમને આતંકવાદી જાહેર કરવામાં આવ્યા તે પાકિસ્તાનમાં રહીને પોતાનું ફંડ એકઠુ કરી રહ્યા છે. ભારતે કહ્યું કે પાકિસ્તાનમાં તો આતંકવાદી ખુલ્લેઆમ ફરી રહ્યા છે પરંતુ પાક. ભારતને માનવાધિકાર પર ભાષણ આપે છે. કુમામે કહ્યું કે દુનિયાને એક એવા દેશમાંથી માનવાધિકાર પર ભાષણની જરૂર નથી, જે પોતાની પરિસ્થિતિ આને અસફળ દેશ બતાવવા માટે ઘણી છે.

અગાઉ ભારતે પાકિસ્તાને ગુરુવારે યુએનએચઆરસીમાં જ સ્પેશિયલ ટેરરિસ્ટ જોન કહ્યું છે. ભારતે આ ટાઈટલની સાથે જ એકવાર ફરી દુનિયાને પાકિસ્તાનની હકીકત જણાવવાનો પ્રયત્ન કર્યો છે. ભારતે સ્પેશિયલ ઈકોનોમિક જોન તરીકે પાકિસ્તાનને સ્પેશિયલ ટેરરિસ્ટ જોનનું ટાઈટલ આપ્યુ છે. સ્પેશિયલ ઈકોનોમિક જોન દેશની અંદરનો તે ભાગ છે જયાં બિઝનેસ માટે કેટલીક રીતે સગવડો હોય છે અને આ સગવડો દેશના બાકીના ભાગોમાં વધારે આ ભાગમાં હોય છે. સ્પેશિયલ ટેરરિસ્ટ જોનનો પ્રયોગ ભારતે પાકિસ્તાનમાં હાજર સુરક્ષિત આતંકી પનાહગાહો માટે અને આતંકવાદીને અહીં મળતા સમર્થનના કારણે કર્યા છે. યુએનએચઆરસીમાં ભારતના સ્થાયી મિશનમાં સેકન્ડ સેક્રેટરી મિની દેવી કુમામે કહ્યું, અમે પરિષદને અપીલ કરીએ છીએ કે તે પાકિસ્તાન તરફથી સીમા પર થઈ રહી ઘૂસણખોરી પર ધ્યાન આપે. આ હાજર સ્પેશિયલ ટેરરિસ્ટ ઝોન, આતંકવાદીના સુરક્ષિત પનાહગાહોને ખતમ કરવા માટે સાચા પગલા ઉઠાવો સાથે જ ટેરર ફાઈનાન્સિંગને પણ રોકો.

# જામનગરના મહિલા સંમેલનમાં મેડીકલ કોલેજની વિદ્યાર્થીનીઓએ ચાલતી પકડી

જામનગર,તા.૧૦

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અનુસંધાને આજે જામનગર ખાતે જીલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના કૃષિ મંત્રી, સાંસદ અને મેયર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા જોકે સંમેલન શરુ થતાની સાથે જ મેડીકલની વિદ્યાર્થીનીઓએ ચાલતી પકડી હતી. જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આજે મહિલા સંમેલનનું વિશાલ ગ્રાઉન્ડમાં આયોજન કરવામાં આવ્યું હતું. જે સમારોહમાં કેબીનેટ મંત્રી આર.સી.ફળદુ, સાંસદ પુનમબેન માડમ, મેયર પ્રતિભાબેન, શહેર અને જીલ્લા ભાજપના હોદેદારો તેમજ જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી અને મ્યુની. કમિશ્નર સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. વિશાલ ગ્રાઉન્ડમાં આયોજિત મહિલા સંમેલનમાં હાજરી બતાવવા માટે મેડીકલ સહિતની કોલેજની વિદ્યાર્થીનીઓ તેમજ આંગણવાડી બહેનોને બેસાડી દેવામાં આવી હતી. જોકે મહિલા સંમેલન શરુ થતાની સાથે જ આકરી ગરમી અને ઉકળાટથી મેડીકલ કોલેજની વિદ્યાર્થીનો કંટાળી ગઈ હોય તેમ ભાષણ શરુ થતાની સાથે જ વિદ્યાર્થીનીઓએ ચાલતી પકડી હતી. મહિલા સંમેલનમાં પક્ષની મહિલા કાર્યકરો ઉપરાંત આંગણવાડી બહેનો અને કોલેજની વિદ્યાર્થીનીઓની જ હાજરી જોવા મળતી હતી તેમાય કોલેજની વિદ્યાર્થીનીઓએ ચાલતી પકડી હતી. જેથી તંત્ર પણ મુન્ઝાયું હતું તો વળી મેડીકલ વિદ્યાર્થીનીઓ સંમેલન છોડી ચાલ્યા જતા મોટાભાગની ખુરશીઓ ખાલી થવા પામી હતી. મહિલા સંમેલનમાં ઉપસ્થિત કૃષિ મંત્રીએ ટેકાના ભાવે બોલવાનું ટાળ્યું હતું અને પોષણક્ષમ ભાવ આપવામાં ગલ્લા તલ્લા કરીને સરકારે ૨૦૨૨ માં ખેડૂતોને ઉચ્ચ સ્થાને લઈ જવાની વાતો કરી હતી જોકે આજે દુખી અને નિસહાય ખેડૂતને આજની ચિંતા છે પછી તે ભવિષ્યની ચિંતા કરશે તે સરકાર કે કૃષિ મંત્રીને સમજાતું નથી તેવો ઘાટ પણ જોવા મળ્યો હતો. તો વિદ્યાર્થીનીઓએ ચાલતી પકડી હતી જેથી સંમેલનમાં ઉપસ્થિત સૌ કોઈમાં પણ આ મુદો ચર્ચાના કેન્દ્ર સ્થાને રહ્યો હતો.

ફ્રાન્સના પ્રમુખ મેક્રો અને મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં મંત્રણા

# ભારત-ફ્રાન્સ વચ્ચે ૧૬ અબજ ડોલરના કરારો ઉપર હસ્તાક્ષર

## બન્ને દેશો વચ્ચે ૧૪ સમજુતી ઉપર હસ્તાક્ષર : વાતચીત બાદ સંયુક્ત નિવેદન પણ જારી કરાયુ : ભારતની ડિગ્રી હવે ફ્રાન્સમાં પણ માન્ય રાખવાનો નિર્ણય

નવી દિલ્હી,

ફ્રાન્સના પ્રમુખ ઈમૈનનુએલ મેક્રો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૪ સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા. હૈદરાબાદ હાઉસમાં બન્ને નેતાઓ વચ્ચે સફળ મંત્રણા યોજાયા બાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. જેમાં મોદીએ કહ્યુ હતુ કે અમે બે માત્ર બે લોકશાહીના નેતા નતી બલ્કે અમે બે સમૃદ્ધ અને સમર્થ વિરાસતના ઉત્તરાધિકારી પણ છીએ. મોદીએ કહ્યુ હતુ કે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારા ફ્રાન્સના જ મુલ્યો નથી બલ્કે ભારતના બંધારણમાં પણ આનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે અમારી વ્યુહાત્મક ભાગીદારી ભલે ૨૦ વર્ષ જુની છે પરંતુ અમારી સભ્યતાઓની ભાગીદારી સદી જુની છે. ૧૮મી સદીથી લઈને આજ સુધી પંચતંત્રની વાર્તાઓ, મહાભારત અને રામાયણ મારફતે ફ્રાન્સીસી વિચારકોએ ભારતમાં અભ્યાસની કામગીરી હાથ ધરી છે. રોમ્યા રોલા, વિક્ટર હુગો જેવા લોકોએ ભારતમાં અભ્યાસની કામગીરી હાથ ધરીને અનેક ચાવીરૂપ બાબતો શોધી કાઢી હતી. ફ્રાન્સના પ્રમુખ ઈમૈનુએલ મેક્રોએ કહ્યુ હતુકે ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધ દિન પ્રતિદિન વધુને વધુ મજબુત બની રહ્યા છે. ફ્રાન્સ ભારતના સૌથી નજીકના વિશ્વાસુ સાથી તરીકે છે. યુરોપમાં ભારતનુ પ્રભુત્વ હવે વધી રહ્યુ છે. મેક્રોએ કહ્યુ હતુ કે અમારો પ્રથમ ઉદ્ધેશ્ય સંરક્ષણ, સંશોધન અને વિજ્ઞાન છે. ખાસ કરીને યુવાનો, ઉચ્ચ શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારત અને ફ્રાન્સ સાથે મળીને આગળ વધવા માટે ઉત્સુક છે. બંન્ને દેશો આ તમામ ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત કરવા માટે ઈચ્છુક છે. મેક્રોએ કહ્યુ હતુ કે ફ્રાન્સ અને ભારતની સામે ત્રાસવાદના સંબંધમાં કેટલાક એક સમાન પડકારો અને ખતરા રહેલા છે. મોદીએ કહ્યુ હતુ કે ફ્રાન્સ અને ભારતની એક મંચ પર હાજરી શાંતિમય વિશ્વ માટે સારા અને સુવર્ણ સકેત સમાન છે. બન્ને દેશોની સ્વતંત્ર અને સ્વાયત્ત વિદેશ નીતિ માત્ર પોતાના જ નહી બલ્કે સાર્વભૌમત્વ મુલ્યોને સમેટી રાખવા પર કેન્દ્રિત છે. તેમણ કહ્યુ હતુ કે જો કોઈ બે દેશ એક સાથે તમામ ક્ષેત્રોમાં સાથે મળીને આગળ વધી શકે છે તો તે ભારત અને ફ્રાન્સ છે. વર્ષ ૨૦૧૫માં ઈન્ટરનેશનલ સોલર એલાયન્સની રચના કરવામાં આવી હતી. ફ્રાન્સે તેમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. મોદીએ પણ કહ્યુ હતુ કે સંરક્ષણ, અંતરિક્ષ અને હાઈ ટેકનોલોજીના ક્ષેત્રમાં ફ્રાન્સ અને ભારત વચ્ચેની મિત્રતા ખુબ જુની છે. સરકાર કોઈ પણ હોય સંબંધોના ગ્રાફ સતત વધતા રહ્યા છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે આજે જે સમજુતી થઈ હતી તે ૧૬ અબજ ડોલરની છે. ભારતની ડિગ્રીને હવે ફ્રાન્સમાં પણ માન્ય રાખવામાં આવનાર છે. બન્ને દેશોએ જોઈન્ટ સ્ટ્રેટેજિક વિજન પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે કહ્યુ હતુ કે ભારત અને ફ્રાન્સના સેનાના તમામ ભાગ એક સાથે અભ્યાસ કરે છે. ડિફેન્સના ક્ષેત્રમાં ફ્રાન્સના મેક ઈન ઈન્ડિયાના સંકલ્પનુ ભારત સ્વાગત કરે છે. જમીનની સાથે સાથે આસમાન સુધી એમ તમામ ક્ષેત્રોમાં બન્ને દેશો સાથે મળીને કામ કરી રહ્યા છે. અગાઈ તેમનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ગાર્ડ ઓફ ઓફ ઓનર પણ આપવામાં આવ્યુ હતુ. તેમની અને મોદીની વાતચીત ખુબ સફળ સાબિત થઈ હતી. ફ્રાન્સના પ્રમુખ મેક્રો ગઈકાલે ચાર દિવસની યાત્રાએ ભારત આવી પહોંચ્યા હતા.



મુકબધીર ઈન્ટરનેશનલ ક્રિકેટ ટુર્નામિન્ટની શરૂઆત ગુજરાત કોલેજ ગ્રાઉન્ડમાં થઈ છે.

ધોળી ધજા ડેમમાંથી છોડાયુ પાણી

# આજી ડેમમાં ૨૫ દિવસમાં ૭૦૦ MCFT પાણી ઠલવાશે

## આજી ડેમમાં પહોંચ્યો પાણીનો પ્રવાહ : રાજકોટમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની તંગી દૂર કરી શકાશે

રાજકોટ,

ઉનાળાની શરૂઆતની સાથે જ પાણીની તંગી વર્તાવા લાગી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાનુ પાણી મેળવવુ પણ મુશ્કેલ બની રહ્યુ છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા રાજકોટ માટે ખાસ પાણી પુરુ પાડવાનો નિર્ણય કરાયો છે. જે અંતર્ગત ધોળી ધજા ડેમમાંથી નર્મદાનુ પાણી છોડવામાં આવ્યુ છે જે આજે સાંજે રાજકોટના આજી ડેમ ખાતે પહોંચ્યુ છે. જેને લઈને રાજકોટવાસીઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. સરકારે લીધેલ નિર્ણય મુજબ આગામી ૧૫ દિવસ સુધીમાં આજી ડેમમાં ૫૦૦ એમસીએફટી પાણી ઠલવાશે. અત્યાર સુધી આજી ડેમમાં માત્ર માર્ચ મહિના સુધી ચાલે એટલુ જ પાણી હતુ. જોકે, નર્મદાનુ નવુ પાણી મળતા રાજકોટ પરથી પીવાનુ પાણીનુ સંકટ ટળશે અને પાણીકાપનો પણ સામનો કરવો નહીં પડે. સરકારે લીધેલ નિર્ણય મુજબ જો ટેકનીકલ ખામી નહીં સર્જાય તો આગામી ૨૫ દિવસ સુધીમાં આજી ડેમમાં ૭૦૦ એમસીએફટી પાણી ઠાલવવામાં આવશે. આજી ડેમની કુલ સપાટી ૨૯ ફુટની છે. જોકે અત્યારે પાણીની સપાટી ખૂબ જ નીચે પહોંચી ગઈ છે. આ નવુ પાણી આવતા ડેમની સપાટીમાં ૭ મીટર સુધીનો વધારો થશે. રાજકોટ મહાનગરપાલિકાએ બે મહિના પહેલા ૧૭૦૦ કરોડ લીટર પાણીની માંગણી કરી હતી, ત્યારે સિંચાઈ વિભાગે ૧૭૦૦ કરોડ લીટરના બદલે ૨ હજાર કરોડ લીટર પાણી આપવાનો નિર્ણય કર્યો છે. જેના પગલે રાજકોટવાસીઓને લાભ થશે. મુખ્યમંત્રીએ રાજકોટના લોકોને વચન આપ્યુ હતું કે ઉનાળામાં રાજકોટ કે સૌરાષ્ટ્રમાં પાણીની તંગી નહીં ઉભી થવા દઈએ. જે અંતર્ગત આ પાણી છોડાયાનો દાવો ભાજપ નેતા કરી રહ્યા છે.

નલિન કોટડીયાની ભૂમિકા શંકાસ્પદ

# સુરત : ૧૭ કરોડનો તોડનો આંક ૩૨ કરોડ સુધી પહોંચ્યો

## ભોગ બનનાર બિલ્ડરનો વીડિયો વાયરલ થયો, એલસીબી પીઆઈએ ૨૦૦ બિટ કોઈન ટ્રાંસફર કરાવ્યાનો આરોપ

અમદાવાદ,

સુરતના બિલ્ડર પાસેથી ૧૭ કરોડનો તોડ કરવાનુ પ્રકરણ ૩૨ કરોડ રૂપિયા સુધી પહોંચ્યુ છે. આ પ્રકરણમાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ડીજીપીની દેખરેખ હેઠળ સીઆઈડી ક્રાઈમને તપાસ કરવા માટે જણાવ્યુ છે. એફએસએલની પણ આ મામલે મદદ લેવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ પ્રકરમમાં વધુ વિવાદ થાય તેવી શક્યતા છે. અમરેલી પોલીસ અને સીબીઆઈને નામે તોડ કરવાના પ્રકરણમાં પોલીસનુ નામ સંડોવાયેલ હોવાથી પોલીસની આબરુની પણ ધુળધાણી થઈ ગઈ છે. સુરતના બિલ્ડર પાસેથી સીબીઆઈ અને અમરેલી એલસીબી પીઆઈ દ્વારા ૧૭ કરોડ પડાવ્યા હોવાના મામલે સીબીઆઈના પીઆઈ સુનિલ નાયર પર તવાઈ આવી છે. સીબીઆઈના પીઆઈ વિરુદ્ધ સીબીઆઈના ચીફને ફરીયાદ કરવામાં આવી છે ત્યારે રાકેશ અસ્થાનાએ નિષ્પક્ષ તપાસની ખાતરી આપી છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી દિવસોમાં સીબીઆઈ પીઆઈની ધરપકડ થઈ શકે છે. આ ઘટનામાં સામે આવતા જ અમરેલી એલસીબી પીઆઈ પણ રજા પર ઉતરી ગયા છે. સીબીઆઈ અને એલસીબી પીઆઈ સામે સુરતના બિલ્ડરે ૧૭ કરોડના તોડનો આરોપ લગાવ્યો છે. અમરેલી એલસીબી પીઆઈ અનંત પટેલ પર વોલેટમાંથી ૨૦૦ બિટકોઈન ટ્રાન્સફર કરાવ્યાનો આરોપ છે જ્યારે સીબીઆઈના પીઆઈ સુનિલ નાયર પર રૂપિયા પાંચ કરોડ પડાવ્યાનો આરોપ છે.

ઉમેદવારોની પસંદગીને લઈને હજી કોયડુ ગુંચવાયુ

# કોંગ્રેસ આજે જાહેર કરશે રાજ્યસભાના બે ઉમેદવાર

## દીપક બાબરીયાનુ નામ નિશ્ચિત, બીજી બેઠકના ઉમેદવારને લઈ હાઈકમાન્ડ-પ્રદેશ સંગઠન આમને સામને

રાજકોટ,

રાજ્યસભાની ચુંટણી માટે કોંગ્રેસ ગુજરાતમાં હજુ સુધી ઉમેદવારોની પસંદગી કરી શક્યો નથી. ત્યારે એક નામ પર લગભગ મંજુરીની મહોર લાગવા જઈ રહી છે. જોકે બીજા નામ માટે કોકડુ ગુંચવાયુ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને પાટીદારને રાજ્યસભા મોકલવા હાઈકમાન્ડ સમક્ષ પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ, દીપક બાબરીયા રાહુલ ગાંધીની ટીમના સભ્ય ગણાય છે. આ નામ પણ દિલ્હીથી પસંદ થયેલ છે. આ ઉપરાંત જનાર્દન દ્વિવેદીને પણ ગુજરાતમાંથી તક આપવા હાઈકમાન્ડ વિચારી રહ્યુ છે તે જોતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ઉપરાંત વિપક્ષના નેતા ધાનાણીએ પાટીદારને રાજ્યસભાની ટિકિટ આપવી જોઈએ તેવા મત રજુ કર્યા છે. જો દીપક બાબરીયાની પસંદગી થશે તો ગુજરાતના અન્ય નેતાઓમાંથી બાલુભાઈ પટેલ, જીતુભાઈ પટેલ અને જીવાભાઈ પટેલમાંથી કોઈ એકને તક મળી શકે છે. વિધાનસભા હારી જતા સિદ્ધાર્થ પટેલનુ પત્તુ કપાયુ છે. આમ, હાઈકમાન્ડ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ વચ્ચે વૈચારીક મતભેદ જામ્યા છે. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી લોકસભાની ચુંટણી જીતવા માટે પોતાના પસંદગીનો ઉમેદવાર મુકવા પર ભાર વ્યક્ત કરી રહ્યા છે. ભાજપે પણ બે પાટીદાર મંત્રીઓને રીપીટ કર્યા છે તે રણનીતિ આધારે ગુજરાત કોંગ્રેસે પણ આજ નીતિ અપનાવવા નક્કી કર્યુ છે. જ્યારે હાઈકમાન્ડ એઆઈસીસીમાંથી કોઈ એક નેતાને ગુજરાતમાંથી રાજ્યસભામાં મોકલીને પોતાના નેતાને સાચવવા માંગે છે.

શાળાના પાપે વિદ્યાર્થીઓ રઝળ્યા

# ધો-૧૦ના ૩૨ વિદ્યાર્થી નહીં આપી શકે બોર્ડની પરીક્ષા

## મંજુરી ન હોવા છતાં વિદ્યાર્થીઓને એક વર્ષ સુધી ભણાવી બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરાવ્યા : હોલ ટિકિટ જ ન મળી

અમદાવાદ,

૧૨ માર્ચથી બોર્ડની પરીક્ષા શરુ થઈ રહી છે. જેની તમામ તૈયારીઓ શિક્ષણ બોર્ડ દ્વારા પૂર્ણ કરી લેવામાં આવી છે. વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપવા માટે આતુર બન્યા છે ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો છે કેઅમદાવાદના મેઘાણીનગરમાં આવેલ ન્યુ નવચેતન સ્કુલમાં ધોરણ:૧૦ના ૩૨ વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે.મળતી માહિતી મુજબ, શળાને માત્ર ધોરણ-૧થી ૮ના જ વર્ગ ચલાવવાની મંજુરી મળી હતી. તેમ છતાં સ્કુલ સંચાલકો દ્વારા ધોરણ-૯ અને ૧૦ની મંજુરી ન મળી હોવા છતા વિદ્યાર્થીઓ પાસે ફી ઉઘરાવી હતી. જોકે બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરતા સમયે સમગ્ર ભાંડો ફુટ્યો હતો, જેના કારણે ૩૨ વિદ્યાર્થીઓ રઝળી પડ્યા છે. સ્કુલનુ સંચાલન સ્વસ્તિક સ્કુલના શિક્ષક પ્રિતેષ પટેલ કરે છે. જે છેલ્લા ૧ સપ્તાહથી ફરાર છે. આ અંગે શાળા સંચાલકનુ કહેવુ છે કે પ્રતિષ પટેલ એક સપ્તાહથી ફરાર છે. તેમણે ફોન કરીને જણાવ્યુ હતું કે, હું દિલ્હીમાં છુ અને હવે શાળાની મંજુરી મામલે કંઈ થઈ શકે તેમ નથી, જેથી તમે કોર્ટમાં અરજી કરો અને બાળકોના ભવિષ્ય માટે પરીક્ષા આપવા દેવાની વિનંતી કરો. બીજીબાજુ બાળકોનુ ભવિષ્ય જોખમાતા વાલીઓમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. જેના કારણે આજે વાલીઓએ શાળામાં પહોંચી ઉગ્ર વિરોધ કર્યો હતો. વાલીઓની માંગ છે કે કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓનુ ભવિષ્ય ન બગડવુ જોઈએ. જેથી સરકાર હસ્તક્ષેપ કરીને વિદ્યાર્થીઓ પરીક્ષા આપે તેવી વ્યવસ્થા કરવામાં આવે. જોકે શાળાના શિક્ષકો એવુ કહી રહ્યા છે કે હવે આ મુદ્દે કંઈ થઈ શકે તેમ નથી.

બેંકોમાં ૧૫ લાખ કરોડ એનપીએ : વેંકટચેલમ્

# ડિફોલ્ટરોની સામે ક્રિમીનલ ઓફેન્સ દાખલ કરવા માંગ

## વિવાદાસ્પદ એફઆરડીઆઈ બિલ પરત ખેંચવા, બેંકીગ લોમાં સુધારો કરવા માટેની એસોસિએશનની ઉગ્ર માંગ

અમદાવાદ,

દેશની બેંકોમાં વધતા જતાં ચિંતાજનક એનપીએ (નોન પરફોર્મીંગ એસેટ્સ), કેન્દ્ર સરકારના વિવાદીત એફઆરડીઆઈ બીલના વિરોધમાં, બેકીંગ લોમાં સુધારો કરવા અને દેશની જાહેરક્ષેત્રની બેંકોના ખાનગીકરણની હિલચાલના વિરોધ સહિતના સંવેદનશીલ મુદ્દે અમદાવાદ શહેરમાં મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનની આજથી બે દિવસીય બેઠક શરૂ થઈ છે. જેમાં ભાગ લેવા માટે ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના જનરલ સેક્રેટરી સી.એચ.વેંકટચેલમ્ ખાસ અહીં આવ્યા છે. બેંકીગ ક્ષેત્રના નિષ્ણાત અને ખૂબ અનુભવી એવા વેંકટચેલમે આજે અમદાવાદમાં બેંકીગમાં લોમાં તાત્કાલિક અસરથી સુધારો કરી પંજાબ નેશનલ બેંકના નીરવ મોદી, મેહુલ ચોક્સી, કિંગફિશરના વિજય માલ્યા સહિતના મોટા અને ઈરાદાપૂર્વક લોન ભરપાઈ નહી કરતાં વીલફુલ ડિફોલ્ટરો વિરૂધ્ધ ક્રિમીનલ ઓફેન્સ દાખલ કરવા બહુ મહત્વની માંગણી કરી હતી. તેમણે દેશની પ્રવર્તમાન બેકીંગ પોલિસી અને કાયદામાં બદલાવ લાવવાની માંગણી કરતાં જણાવ્યું હતું કે, હાલ દેશની બેંકોમાં કુલ એનપીએ રૂ.૯.૫૦ લાખ કરોડનું એનપીએ છે અને જો તેમાં રિકન્સ્ટ્રકટેડ લોન સહિતની ગણતરી કરવામાં આવે તો, દેશની બેંકોમાં કુલ એનપીએનો આંક અધધધ...રૂ.૧૫ લાખ કરોડ થવા જાય છે. દેશમાં હાલ ૯૦૦૦ જેટલા વીલફુલ ડિફોલ્ટરો છે અને તેથી તેઓની વિરૂધ્ધ સરકારે ક્રિમીનલ ઓફેન્સની રાહે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. પીએનબી સહિતના તમામ કૌભાંડોમાં સંસદીય તપાસની માંગણી પણ તેમણે ઉચ્ચારી હતી.

બેંકીંગ સેકટરની આ માંગણીઓ સાથે ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશન દ્વારા તા.૨૧મી માર્ચે નવી દિલ્હી ખાતે સંસદ ખાતે વિશાળ ધરણાં અને દેખાવોનું આયોજન કરાયું છે તો, દેશભરની બેંકોના કર્મચારીઓની સહી ઝુંબેશ સાથે તા.૩જી એપ્રિલના રોજ એક માસ પિટિશન લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજનને સુપ્રત કરવામાં આવશે. ત્યારબાદ એસોસીએશન દ્વારા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમો અને આંદોલનોની રૂપરેખા જાહેર કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના જનરલ સેક્રેટરી સી.એચ.વેંકટચેલમ્, મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના પ્રમુખ આર.બી.સરૈયા અને જનરલ સેક્રેટરી જનક રાવલે આ અંગે જણાવ્યું હતું કે, દેશમાં પંજાબ નેશનલ બેંક સહિતના કૌભાંડોને લઈ આજે સામાન્ય માણસ દહેશત અને ભયમાં આવી ગયો છે કે, તેના પૈસા બેંકમાં સુરક્ષિત છે કે નહી? બેંકોમાં હજારો કરોડ રૂપિયાની લોન લઈ ભરપાઈ કર્યા વિના બારોબાર વિદેશ ભાગી જતાં નીરવ મોદી, મેહુલ ચોકસી, વિજય માલ્યા, જતીન મહેતા જેવા ડિફોલ્ટરો વિરૂધ્ધ કેન્દ્ર સરકાર કેમ કોઈ નક્કર કાર્યવાહી કરતી નથી. વાસ્તવમાં સરકારની આ અંગે કોઈ કાર્યવાહીની ઈચ્છાશકિત જ નથી તે સ્પષ્ટ થાય છે. દેશની બેંકોમાં કુલ એનપીએ રૂ.૧૫ લાખ કરોડનું છે ત્યારે વર્ષેદહાડે સરકાર એક લાખ,પચાસ હજાર કરોડ જેટલું તો તેની પરનું વ્યાજ ગુમાવી રહી છે. કેન્દ્ર સરકાર અને આરોપી ડિફોલ્ટરો વચ્ચેની સાંઠગાંઠ વિના આટલા મોટા હજારો કરોડના કૌભાંડ શકય જ નથી તેવો ગંભીર આક્ષેપ પણ તેમણે કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે, બેંકીગ કાયદામાં કેન્દ્ર સરકારે તાત્કાલિક ફેરફાર કરવો જોઈએ અને આવા વીલફુલ ડિફોલ્ટરો વિરૂધ્ધ ક્રિમીનલ ઓફેન્સ દાખલ કરી ઝડપથી તેઓને સજા અપાવવાની દિશામાં સરકારે કાર્યવાહી કરવી જોઈએ. કેન્દ્ર સરકારે લોકોને ભરોસો આપવો પડશે કે, તેમના પૈસા બેંકોમાં સુરક્ષિત અને સલામત છે. પીએનબી કૌભાંડ સહિતના કૌભાંડો છતાં આરબીઆઈ ગવર્નર એક શબ્દ બોલ્યા નથી તેને લઈ વેંકટચેલમે આરબીઆઈ ગવર્નરના રાજીનામાની માંગણી પણ કરી હતી.

કેન્દ્રના વિવાદીત એફઆરડીઆઈ બીલને લઈ પ્રહારો કરતાં ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના જનરલ સેક્રેટરી સી.એચ.વેંકટચેલમ્, મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના પ્રમુખ આર.બી.સરૈયા અને જનરલ સેક્રેટરી જનક રાવલે જણાવ્યું હતું કે, એફઆરડીઆઈ બીલની આપણા દેશમાં કોઈ જ જરૂર નથી.

દેશની બેંકો બેકીંગ રેગ્યુલેશન એકટ હેઠળ આવરાયેલી છે અને તેથી બિનજરૂરી રીતે સરકાર આ બીલ લાવી એક પેનીક(હાઉ) ઉભો કરવા માંગે છે. આ બીલની ગંભીર, વિપરીત અને નકારાત્મક અસરો એ થશે કે, સામાન્ય માણસ પોતાના મહેનત-પરેસવાની કમાણીના પૈસા બેંકમાં મૂકતા અચકાશે અને બીજા ક્ષેત્રોમાં રોકાણ તરફ વળશે. જેની સીધી અસર બેંકીંગ સેક્ટર પર થશે.

જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ
ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073
ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.
એડીટોરીયલ ચીફ : બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦
સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪
તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી